ગુજરાતી

# સાહિત્ય પરિચય

ધોરણ-પાંચમું



## શિક્ષક સાથે સંવાદ

સાહિત્ય પરિચયનું આ પાઠ્યપુસ્તક અંગ્રેજી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષા માટે રસ અને રુચિ ધરાવતા થાય તેવા હેતુથી તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તકના અધ્યાપન વખતે શિક્ષકને માર્ગદર્શન મળે તે માટે નીચેનાં દિશાસૂચનો કરવામાં આવ્યા છે.

- પાઠ્યપુસ્તક શીખવવાની શરૂઆત કરતાં પહેલાં મરોડ સાથે સંપૂર્ણ બારાખડીનું દઢીકરણ કરાવી લેવું જરૂરી છે. તેની સાથે ૧ થી ૧૦૦ નું અંકલેખન પણ કરાવી લેવું.
- પાઠ્યપુસ્તકમાં આપેલી દરેક કૃતિ શીખવતી વખતે શ્રવણ, ભાષણ, વાંચન, લેખન અને આકલન આ ભાષિક કૌશલ્યોનો ધીરે ધીરે પરંતુ ક્રમિક વિકાસ થાય તે ધ્યાનમાં રાખવું.
- શૈક્ષણિક સાધનો સાથે આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરી શ્રવણ કૌશલ્યનો પાયો મજબૂત કરવાથી અન્ય કૌશલ્યો સહજ રીતે જ આત્મસાત થશે.
- જ્ઞાનરચનાવાદને સાર્થક કરવા શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા દરેક કૃતિમાં આપેલી છે. તેના દ્વારા વર્ગનું વાતાવરણ ચેતનવંતુ થશે.
- સ્વાધ્યાયો શરૂઆતમાં બે થી ત્રણ વાર મૌખિક કરાવવા. ત્યાર પછી તેના જવાબો વિદ્યાર્થીઓ પાસે કાળા પાટિયા ઉપર લખાવવા. તે દરેક પાસે મોટેથી વંચાવવા. ત્યારબાદ પુસ્તકમાં વ્યક્તિગત વિદ્યાર્થીઓ પોતે જ જવાબ લખે તેવો આગ્રહ રાખવો.
- સ્વાધ્યાયમાં છેલ્લો પ્રશ્ન જોડાક્ષરયુક્ત શબ્દો જોઈજોઈને ફરી લખવા આપેલા છે. તેને યંત્રવત ન લખતાં સમજીને, બોલીને તેમજ શુદ્ધ ઉચ્ચાર કરીને લખે તેવો આગ્રહ રાખવો.
- દરેક કૃતિમાં આપેલા ઉપક્રમમાં આપેલી પ્રવૃત્તિથી બે બાબતો સિદ્ધ કરી શકાશે. (૧) પ્રોજેક્ટબુક તૈયાર થશે (૨) વિચારાત્મક દષ્ટિનો વિકાસ થશે.
- 'હું વાંચું – તમે પણ વાંચો' દ્વારા બાળકોને ગુજરાતી ભાષાનાં પુસ્તકો વાંચવા પ્રેરિત કરવાનાં છે. તેના પ્રશ્નોત્તર કરાવવાના નથી.
- વ્યાકરણ કોઈ પણ જાતના બોજ વગર 'સરળથી કઠિન'ના માનસશાસ્ત્રીય સિદ્ધાન્તને અનુસરીને પરોક્ષ રીતે શીખવવું.


શિક્ષણખાતાનો મંજૂરી ક્રમાંક : પ્રાશિસં/૨૦૧૪-૧૫/૨૪૩/મંજૂરી/ડ-૫૦૫/૩૪૫
તારીખ : ૧૩.૦૧.૨૦૧૫

# ગુજરાતી
# સાહિત્ય પરિચય
## ધોરણ-પાંચમું

નામ : ....................................................................

શાળા : ....................................................................







મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

**પ્રથમાવૃત્તિ : ૨૦૧૫**

**પુનર્મુદ્રણ : ૨૦૧૭**

**ગુજરાતી ભાષા સમિતિ :**

સુશ્રી. કલ્પના મહેતા, અધ્યક્ષ
ડૉ. મધુ સંપટ, સદસ્ય
શ્રીમતી સ્મિતા દવે, સદસ્ય
સુશ્રી. ઇલા શુક્લ, સદસ્ય
કેતકી નિતેશ જાની, સદસ્ય-સંયોજક

**સંયોજન પ્રમુખ :**
કેતકી નિતેશ જાની
વિશેષાધિકારી ગુજરાતી, પાઠ્યપુસ્તક મંડળ, પુણે-૪

**ચિત્રાંકન અને મુખપૃષ્ઠ :**
શ્રી. સૌરભ અવિનાશ ચવ્હાણ

**નિર્મિતિ :**
શ્રી. સચ્ચિતાનંદ આફળે,
મુખ્ય નિર્મિતિ અધિકારી
શ્રી. સંદીપ આજગાંવકર, નિર્મિતિ અધિકારી

**અક્ષરાંકન :**
ગુજરાતી વિભાગ, પાઠ્યપુસ્તક મંડળ, પુણે-૪

**કાગળ :**
**૭૦ જી. એસ. એમ. ક્રિમવોવ**

**મુદ્રણાદેશ :**

**મુદ્રક :**

**પ્રકાશક :**
શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઈ-૨૫.



**© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪.**

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈ પણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.


## પ્રસ્તાવના

'બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર-૨૦૦૯' અને 'રાષ્ટ્રીય શૈક્ષણિક રૂપરેખા-૨૦૦૫'ને નજર સમક્ષ રાખી રાજ્યમાં 'પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમ - ૨૦૧૨' તૈયાર કરવામાં આવ્યો. આ શાસનમાન્ય અભ્યાસક્રમ ઉપર આધારિત દ્વિતીય ભાષા (સંયુક્ત) વિષયના અંતર્ગત ગુજરાતી સાહિત્ય પરિચય - ધોરણ પાંચમું આ પુસ્તક આપના હાથમાં મૂકતા અમને વિશેષ આનંદ થાય છે.

આ શૃંખલાનું આ પ્રથમ પુસ્તક છે. તેથી આ વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા સમજાય, બોલતાં, વાંચતા અને લખતાં આવડે તેવી અપેક્ષા છે. સાથે જ વિદ્યાર્થીઓની સંભાષણ શક્તિ યોગ્ય રીતે વિકસે, વ્યાકરણનું જ્ઞાન તબક્કાવાર પ્રાપ્ત કરે અને ગુજરાતી ભાષાને સારી રીતે આત્મસાત કરી તેનો આદર કરતાં થાય તેવી પણ અપેક્ષા છે.

આ પુસ્તકમાં શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેની આંતરક્રિયા દ્વારા શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આત્મીયતા કેળવાશે, અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયા સરળ અને સહજ બની વર્ગનું વાતાવરણ જીવન્ત બનશે. 'હું વાંચુ ... તમે પણ વાંચો' દ્વારા વિદ્યાર્થીની વાચન રુચિ વધશે. નવું વાંચવાની, જાણવાની પ્રવૃત્તિને ગતિ મળશે. દરેક કૃતિ નીચે આપેલા ઉપક્રમો વિદ્યાર્થીઓને આનંદદાયી શિક્ષણ પ્રદાન કરવામાં ઉપયોગી નિવડશે એવી ખાતરી છે. સ્વાધ્યાયોની નીચે આપેલ શબ્દો જોઈને લખવાથી વિદ્યાર્થીઓમાં શુદ્ધલેખન માટેની ચીવટ જળવાઈ રહેશે. આ પુસ્તકના અધ્યયન પછી વિદ્યાર્થીઓ પુસ્તકો તરફ આકર્ષાશે અને ગુજરાતી સાહિત્યના પરિચયમાં આવશે, તો જ આ પુસ્તકની સાર્થકતા લેખાશે.

ગુજરાતી ભાષા સમિતિના સદસ્યો, કાર્યગટ સદસ્યો (ડૉ. ઉષાબહેન નાયર, શ્રીમતી નીલાબહેન પાધ્યા, શ્રીમતી પ્રીતિ ચિત્રોડા), ગુણવત્તા પરીક્ષક શ્રી ઈલેશકુમાર આર. ગાંધી તેમજ ચિત્રકારના નિષ્ઠાપૂર્વકના પરિશ્રમથી આ પુસ્તક તૈયાર થયું છે. આ પુસ્તક વધારેમાં વધારે ક્ષતિરહિત અને ગુણવત્તાસભર બને તે માટે ગુજરાતી માધ્યમ સિવાય અન્ય માધ્યમમાં ગુજરાતી શીખવનાર શિક્ષકો, તજ્જ્ઞો પાસે પુસ્તકનું સમીક્ષણ કરાવવામાં આવ્યું છે. સમીક્ષકોની સૂચના/અભિપ્રાયોનો યોગ્ય વિચાર કર્યા પછી જ ગુજરાતી ભાષા સમિતિએ પુસ્તકને અંતિમ સ્વરૂપ આપ્યું છે. મંડળ આ સર્વેનું મનઃપૂર્વક આભારી છે.

વિદ્યાર્થી, શિક્ષક, વાલીઓ આ પુસ્તકનું સ્વાગત કરશે જ તેવી આશા છે.



(ચં. રા. બોરકર)
**સંચાલક**
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે-૪.

પુણે
**તારીખ : ૧૦ જાન્યુઆરી, ૨૦૧૫**

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત
કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય .....................ન્યાય
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા
દરજ્જા અને તકની .................................સમાનતા
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તેઓ સર્વમાં
વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની
એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ...............બંધુતા
વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ.

# રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત – ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત – ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# અનુક્રમણિકા


| અ.ક્ર. | પાઠ/કવિતા | કવિ/લેખક | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|---|
| ૧. | વિવિધ મરોડ – મૂળાક્ષરો | ........ | ૧ |
| ૨. | બારાખડી | ........ | ૨, ૩ |
| ૩. | અંકલેખન | ........ | ૪ |
| ૪. | પ્રાર્થના | જયંતિલાલ આચાર્ય | ૫, ૬ |
| ૫. | તેજુ – નીલનો પુકુ | ........ | ૭થી ૧૦ |
| ૬. | વિરામચિહ્નો | ........ | ૧૧ |
| ૭. | કરો રમકડાં કૂચકદમ | મકરંદ દવે | ૧૨થી ૧૪ |
| ૮. | બિરબલની ચતુરાઈ | ........ | ૧૫થી ૧૭ |
| ૯. | વચન – જાતિ | ........ | ૧૮, ૧૯ |
| ૧૦. | ઊંટ કહે | દલપતરામ | ૨૦થી ૨૨ |
| ૧૧. | ધન્ય છે ગંગાને ! | દિનેશકુમાર, વિપુલકુમાર | ૨૩થી ૨૬ |
| ૧૨. | પત્રલેખન | ........ | ૨૭ |
| ૧૩. | ઢોલીડા ઢોલ ધીમે વગાડ ના | લોકગીત | ૨૮થી ૩૦ |
| ૧૪. | ચિત્રવાર્તા | ........ | ૩૧ |
| ૧૫. | નામ – સર્વનામ | ........ | ૩૨ |
| ૧૬. | મારું ગુજરાત | ગુલામ અબ્બાસ નાસાદ | ૩૩થી ૩૫ |
| ૧૭. | સ્વર્ગની ચકલી | ........ | ૩૬થી ૩૮ |

# ૧. વિવિધ મરોડ




## મૂળાક્ષર

## પરંપરાગત ક્રમ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | ખ | ગ | ઘ | ઙ | ચ | છ | જ | ઝ | ઞ |
| ટ | ઠ | ડ | ઢ | ણ | ત | થ | દ | ધ | ન |
| પ | ફ | બ | ભ | મ | ય | ર | લ | વ | |
| શ | ષ | સ | હ | ળ | ક્ષ | જ્ઞ | | | |

---

| | | | | | |
|---|---|---|---|---|---|
| અ | આ | ઇ | ઈ | ઉ | ઊ |
| | ા | િ | ી | ુ | ૂ |
| ક | કા | કિ | કી | કુ | કૂ |

ઋ – કૃ

| | | | | | |
|---|---|---|---|---|---|
| એ | ઐ | ઓ | ઔ | અં | અઃ |
| ે | ૈ | ો | ૌ | ાં | ાઃ |
| કે | કૈ | કો | કૌ | કં | કઃ |

# ૨. બારાખડી

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | કા | કિ | કી | કુ | કૂ | કે | કૈ | કો | કૌ | કં | કઃ |
| ખ | | ખિ | | | ખૂ | | | ખો | | | ખઃ |
| ગ | ગા | | | ગુ | | ગે | | | | | |
| ઘ | | | ઘી | | | | | | ઘૌ | | |
| ચ | | ચિ | | | | | ચૈ | | | ચં | |
| છ | | | | છુ | | છે | | | | છં | છઃ |
| જ | | | જી | | જૂ | | જૈ | | જૌ | | |
| ઝ | ઝા | | | | | ઝે | | | ઝૌ | | |
| ટ | ટા | | | | | | | ટો | | | |
| ઠ | ઠા | | | ઠુ | | | | ઠો | | | |
| ડ | | | ડી | | ડૂ | | | | ડૌ | | |
| ઢ | | ઢિ | | | | | | | | | ઢઃ |
| ણ | | | | | ણૂ | ણે | | | | | |
| ત | તા | | | | તૂ | | તૈ | | | | તઃ |
| થ | | | થી | | | | | થો | | | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દ | દા | | | દુ | | દે | | | | | |
| ધ | | | ધી | | | | | | ધૌ | | |
| ન | | નિ | | | | | નૈ | | | નં | |
| પ | | | | પુ | | પે | | | | પં | પઃ |
| ફ | | | ફી | | | | ફૈ | | ફૌ | | ફઃ |
| બ | બા | | | | | | | | | બં | |
| ભ | ભા | | | | | | | | | | |
| મ | મા | | | મુ | | | | મો | | | |
| ય | | | યી | | યૂ | | | | યૌ | | |
| ર | | રિ | | | | | | | | | રઃ |
| લ | | | | | લૂ | લે | | | | | |
| વ | વા | | | | વૂ | | વૈ | | | | વઃ |
| શ | | | | શુ | | શે | | | | શં | શઃ |
| ષ | | | ષી | | ષૂ | | | | ષૌ | | ષઃ |
| સ | સા | | | | | | | | | સં | |
| હ | હા | | | | | | | | | | |
| ળ | ળા | | | ળુ | | | | ળો | | | |
| ક્ષ | | | ક્ષી | | ક્ષૂ | | | | ક્ષૌ | | |
| જ્ઞ | | જ્ઞિ | | | | | | | | | જ્ઞઃ |

# ૩. અંકલેખન

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | એક | ૧૧ | અગિયાર | ૨૧ | એકવીસ | ૩૧ | એકત્રીસ |
| ૨ | બે | ૧૨ | બાર | ૨૨ | બાવીસ | ૩૨ | બત્રીસ |
| ૩ | ત્રણ | ૧૩ | તેર | ૨૩ | ત્રેવીસ | ૩૩ | તેત્રીસ |
| ૪ | ચાર | ૧૪ | ચૌદ | ૨૪ | ચોવીસ | ૩૪ | ચોત્રીસ |
| ૫ | પાંચ | ૧૫ | પંદર | ૨૫ | પચીસ | ૩૫ | પાંત્રીસ |
| ૬ | છ | ૧૬ | સોળ | ૨૬ | છવ્વીસ | ૩૬ | છત્રીસ |
| ૭ | સાત | ૧૭ | સત્તર | ૨૭ | સત્યાવીસ | ૩૭ | સાડત્રીસ |
| ૮ | આઠ | ૧૮ | અઢાર | ૨૮ | અઠ્યાવીસ | ૩૮ | આડત્રીસ |
| ૯ | નવ | ૧૯ | ઓગણીસ | ૨૯ | ઓગણત્રીસ | ૩૯ | ઓગણચાલીસ |
| ૧૦ | દસ | ૨૦ | વીસ | ૩૦ | ત્રીસ | ૪૦ | ચાલીસ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪૧ | એકતાલીસ | ૫૧ | એકાવન | ૬૧ | એકસઠ | ૭૧ | એકોતેર |
| ૪૨ | બેતાલીસ | ૫૨ | બાવન | ૬૨ | બાસઠ | ૭૨ | બોતેર |
| ૪૩ | તેતાલીસ | ૫૩ | ત્રેપન | ૬૩ | ત્રેસઠ | ૭૩ | તોતેર |
| ૪૪ | ચુમાલીસ | ૫૪ | ચોપન | ૬૪ | ચોસઠ | ૭૪ | ચુમોતેર |
| ૪૫ | પિસ્તાલીસ | ૫૫ | પંચાવન | ૬૫ | પાંસઠ | ૭૫ | પંચોતેર |
| ૪૬ | છેતાલીસ | ૫૬ | છપ્પન | ૬૬ | છાંસઠ | ૭૬ | છોત્તેર |
| ૪૭ | સુડતાલીસ | ૫૭ | સત્તાવન | ૬૭ | સડસઠ | ૭૭ | સીત્તોતેર |
| ૪૮ | અડતાલીસ | ૫૮ | અઠ્ઠાવન | ૬૮ | અડસઠ | ૭૮ | અઠ્યોતેર |
| ૪૯ | ઓગણપચાસ | ૫૯ | ઓગણસાહીઠ | ૬૯ | ઓગણસીત્તેર | ૭૯ | ઓગણ્યાએંશી |
| ૫૦ | પચાસ | ૬૦ | સાહીઠ | ૭૦ | સીત્તેર | ૮૦ | એંશી |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૮૧ | એક્યાંશી | ૮૬ | છયાંશી | ૯૧ | એકાણું | ૯૬ | છન્નું |
| ૮૨ | બ્યાંશી | ૮૭ | સત્યાશી | ૯૨ | બાણું | ૯૭ | સત્તાણું |
| ૮૩ | ત્ર્યાંશી | ૮૮ | અઠ્યાશી | ૯૩ | ત્રાણું | ૯૮ | અઠ્ઠાણું |
| ૮૪ | ચોર્યાંશી | ૮૯ | નેવ્યાશી | ૯૪ | ચોરાણું | ૯૯ | નવ્વાણું |
| ૮૫ | પંચ્યાશી | ૯૦ | નેવું | ૯૫ | પંચાણું | ૧૦૦ | સો |

# ૪. પ્રાર્થના

મંદિર તારું વિશ્વ રૂપાળું,
સુંદર સરજનહારા રે ;
પળ પળ તારાં દર્શન થાયે,
દેખે દેખનહારા રે ; ...મંદિર તારું

નહિ પૂજારી, નહિ કોઈ દેવા,
નહિ મંદિરને તાળાં રે ;
નીલ ગગનમાં મહિમા ગાતા
ચાંદો સૂરજ તારા રે ; ...મંદિર તારું

વર્ણન કરતાં શોભા તારી
થાક્યા કવિગણ સારા રે ;
મંદિરમાં તું ક્યાં છુપાયો ?
શોધે બાળક તારાં રે. ...મંદિર તારું




**શબ્દાર્થ**

વિશ્વ – જગત, દુનિયા ; સરજનહાર – બનાવનાર, ઈશ્વર ; રૂપાળું – સુંદર ; ગગન – આકાશ, નભ ; મહિમા – મહત્ત્વ, ગુણગાન ; સારા – બધા ; પળ – ક્ષણ.

**શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા**

- શાળામાં રોજ ગવાતી પ્રાર્થના વિષયક ચર્ચા
- કાવ્યના વાક્યાર્થ અને મર્મનું સ્પષ્ટીકરણ
- જુદાજુદા ધર્મનાં પ્રાર્થનાસ્થળો બાબત પ્રશ્નોત્તર
- પ્રસ્તુત કાવ્ય વિષયક પ્રશ્નોત્તર

**સ્વાધ્યાય**



સ. ૧ જવાબ લખો.

૧) વિશ્વને શેની ઉપમા આપેલી છે ?
જવાબ : ..............................................................................

૨) વિશ્વમંદિર કોણે બનાવ્યું છે ?
જવાબ : ..............................................................................

૩) વિશ્વમંદિરનો મહિમા કોણ કોણ ગાય છે ?
જવાબ : ..............................................................................

૪) વિશ્વમંદિરનું વર્ણન કોણ કરે છે ?
જવાબ : ..........................................................

સ. ૨ ખાલી જગ્યા પૂરો.

૧) નહિ .................... , નહિ કોઈ દેવા, નહિ મંદિરને .................. રે ?
૨) ..................... ગગનમાં મહિમા ગાતા ચાંદો ...................... તારા છે.
૩) વર્ણન કરતાં શોભા તારી ...................... કવિગણ સારા રે.
૪) મંદિરમાં તું ક્યાં ....................... ? શોધે ...................... તારા છે.

સ. ૩ સમાન અર્થ લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | વિશ્વ | – .................... | ૨) | રૂપાળું | – .................. |
| ૩) | ગગન | – .................... | ૪) | સૂરજ | – .................. |

સ. ૪ નમૂના પ્રમાણે જવાબ લખો. દા. ત. નીલ ગગન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | ................ | બગલો | ૨) | ............... | કોલસો |
| ૩) | ................ | પોપટ | ૪) | ............... | લોહી |

સ. ૫ આ પ્રાર્થનામાં આપેલા ચિત્રમાં તમે શું શું જુઓ છો ?
તેનું વર્ણન ૪થી ૫ વાક્યોમાં મૌખિક કરો અને દેખાતી વસ્તુનાં નામ લખો.

**વિશેષ**

નીચેના શબ્દો જોઈજોઈને ફરીથી લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | વિશ્વ | – .................... | ૨) | રૂપાળું | – .................. |
| ૩) | દર્શન | – .................... | ૪) | વર્ણન | – .................. |

**ઉપક્રમ**

આ વિશ્વને મંદિર શાથી કહેવામાં આવ્યું છે? તેની ચર્ચા કરો અને સમજો. જુદાંજુદાં પ્રાર્થનાસ્થળોનાં ચિત્રો ભેગાં કરી તમારી પ્રોજેક્ટબુકમાં ચોંટાડો.



વિશ્વરૂપી મંદિર સૌના માટે ખુલ્લું જ છે.

**હું વાંચું ... તમે પણ વાંચો**



જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા,
તુજ વિના ધેનમાં કોણ જાશે ? ........ જાગને
ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા,
વડો તે ગોવાળિયો કોણ થાશે ? ........ જાગને
દહીં તણાં દહીંથરાં, ઘી તણાં ઘેબરાં,
કઢિયલ દૂધ તે કોણ પીશે ? ........ જાગને
જમુનાને તીર ગોધન ચરાવતાં,
મધુરી શી મોરલી કોણ વાશે ? ....... જાગને
ભણે નરસૈંયો તારા ગુણ ગાઈ રીઝીએ,
બૂડતાં બાંહેડી કોણ સા'શે ? ........ જાગને

– નરસિંહ મહેતા

# ૫. તેજુ – નીલનો પુકુ



મોટું એવું એક શહેર. શહેરની બહાર મોટી નદી. નદીને કાંઠે એક બંગલો. નીલ અને તેજુ ત્યાં રહેતાં. એમના ઘરે એક પાળેલો કૂતરો હતો. તેનું નામ પુકુ.

ઘરનાં બધાંને પુકુ ગમે. પુકુને નીલ વગર અને નીલને પુકુ વગર જરાય ન ગમે. એ બેઉ પાકા ભાઈબંધ. તેજુ અને નીલ નિશાળે જાય ત્યારે પુકુ આગળ ચાલવા માંડે. નીલ એને સમજાવે. માથે હાથ ફેરવે ત્યારે એ પાછો ઘેર જાય. સાંજે એમને આવતાં જુએ એટલે સામે જઈને નીલને એ ચોંટી પડે અને ગેલ કરવા માંડે.

ભાઈબહેન બાગમાં રમવા જાય એટલે પુકુ ત્યાં કૂદાકૂદ કરી મૂકે. પછી નીલ દડો ફેંકે એટલે એ દોડીને મોંમાં દડો લઈને નીલને પાછો આપે. તેજુ દડો ઊંચો ઉછાળે તો ક્યારેક એ મોંથી ઝીલી પણ લે.

પુકુને પાણીમાં પડવાની બહુ મજા આવે. સૌ નદીકાંઠે ફરવા જાય ત્યારે નીલ એની નાની લાકડી પાણીમાં ફેંકે. પુકુ કૂદીને પાણીમાં જાય અને મોંમાં લાકડી લઈ તરતો તરતો પાછો આવે.

ક્યારેક નીલ અને ક્યારેક તેજુ એને જાતે નવડાવે. એના વાળ ઉપર પાઉડર પણ છાંટે અને એને વેળાસર ખવડાવવાનું તો એ બેઉ કદી ભૂલે જ નહિ. દિવસ અને રાત પુકુ આખા ઘરનું ધ્યાન રાખે. કોઈ અજાણ્યો માણસ આવી ચડે તો તરત જ એ ભસવા માંડે.

એકવાર નીલ માંદો પડ્યો. બે ત્રણ


દિવસ સુધી પુકુ ત્યાંથી જરાય આઘો ન ગયો. એ પાસે જ બેસી રહ્યો. નીલનાં બા અને બાપુજી એને ખાવા બોલાવે તોય એ ઊભો ન થાય. પછી નીલ એને પોતાની પથારી પાસે બોલાવીને ખાવાનું આપે ત્યારે જ તે ખાય.

ઘરમાં કોઈ મહેમાન આવ્યા હોય તો પુકુ આવીને વચ્ચે બેસી જાય અને જાણે વાતો સાંભળતો હોય એમ કાન ઊંચા કરીને સામે જોયા કરે.

એકવાર નીલના ઘરે એનો ભાઈબંધ રમવા આવ્યો. પુકુ એની પાસે ગયો અને એને પગે મોં અડાડીને વહાલ કરવા લાગ્યો. ભાઈબંધ તો બી ગયો. 'વોય બાપ રે' કરતો નાઠો. નીલે તેને કહ્યું, 'દોસ્ત, બીએ છે શા માટે ? એ કાંઈ કરડશે નહિ. એ તો તને વહાલ કરે છે. પછી જરાક હાથ ઊંચો કરીને નીલ બોલ્યો, 'પુકુ, તોફાન કેમ કરે છે ? ચાલ્યો જા અહીંથી.' એને જાણે અપમાન લાગ્યું હોય એમ પુકુ ટેબલ નીચે ભરાઈ ગયો પછી નીલે ખૂબ વહાલ કર્યું ત્યારે જ એ બહાર નીકળ્યો.

રાતે ઘરમાં સૌ નિરાંતે ઊંઘી જાય ત્યારે પુકુ જાગે અને ઘરની ચોકી કરે. એકવાર એણે જ તેજુને બચાવેલી. રાતનો વખત હતો. બાગમાંના હીંચકા ઉપર બેઠી બેઠી તેજુ ગાતી હતી. ત્યાં પુકુ એકદમ મોટે મોટેથી ભસવા લાગ્યો. નીલના બાપુજીએ બહાર આવી જોયું તો કોઈ ન હતું. પછી પુકુ એમને હીંચકા બાજુ ખેંચી ગયો. જોયું તો હીંચકા પાસેથી એક મોટો કાળો સાપ જતો હતો. ખબર પડતાં બાગનો માળી સાણસો લઈને દોડી આવ્યો અને સાપને પકડીને જંગલમાં મૂકી આવ્યો.

તે દિવસે ઘરનાં બધાંએ પુકુને થાબડી એને ખૂબ ખૂબ શાબાશી આપી. નીલ તો આ વાત જાણીને એને બાઝી પડ્યો અને બોલ્યો, ''વાહ રે મારા પુકુડા ! શાબાશ છે દોસ્ત, તને !''



## શબ્દાર્થ

ભાઈબંધ – મિત્ર, દોસ્ત ; ગેલ – રમત, મજા ; ઝીલવું – પકડવું ; વેળાસર – સમયસર; માંદો – બિમાર ; આઘો – દૂર, લાંબે ; નિરાંત – શાંતિ ; સાણસો – ચીપિયો (મોટો)

## શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- પ્રાણીઓ અને તેમની ઉપયોગિતા વિશે ચર્ચા
- વધારે પાળવામાં આવતાં પ્રાણીઓ બાબત ચર્ચા
- નીલ અને પુકુની દોસ્તીને ધ્યાનમાં રાખી પ્રશ્નોત્તર
- કૂતરા સિવાય અન્ય પ્રાણીઓને પાળવા બાબત ચર્ચા
- વર્ગનાં બાળકોએ કોઈ પ્રાણી પાળ્યાં હોય તો તે બાબત ચર્ચા

## સ્વાધ્યાય



સ. ૧ કહો કોણ ?

૧) નીલની બહેન – ..........................................................

૨) તેજુનો ભાઈ – ..........................................................

૩) માંદા નીલ પાસે બેસી રહેનાર – ..........................................

૪) પુકુના મોટેથી ભસવાથી બહાર આવનાર – ..............................

સ. ૨ પૂર્ણ વાક્યમાં જવાબ લખો.

૧) પુકુ સૌથી વધુ વહાલ કોને કરતો ?
જવાબ : ..........................................................

૨) પુકુ ઘરનું ધ્યાન ક્યારે રાખતો ?
જવાબ : ..........................................................

૩) પુકુએ તેજુને કોનાથી બચાવી ?
જવાબ : ..........................................................

સ. ૩ કોણ શું કરે ? જવાબ કૌંસમાંથી પસંદ કરો.

દા.ત. કૂતરો – ભસે છે.

(ભાંભરે, ગાગંરે, હણહણે, ગર્જના કરે, ભૂંકે, બેં બેં કરે, ત્રાડે, રણકે)

| | | | |
|---|---|---|---|
| ૧) ગાય | – .................... | ૨) ભેંસ | – .................... |
| ૩) ઘોડો | – .................... | ૪) સિંહ | – .................... |
| ૫) ગધેડો | – .................... | ૬) બકરી | – .................... |
| ૭) ઊંટ | – .................... | ૮) વાઘ | – .................... |

સ. ૪ વિરોધી અર્થવાળા શબ્દ લખો.

| | | | |
|---|---|---|---|
| ૧) મોટું | × .................... | ૨) શહેર | × .................... |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩) | બહાર | × | ................... | ૪) | આગળ | × | .................. |
| ૫) | દિવસ | × | ................... | ૬) | માંદો | × | .................. |
| ૭) | ઊંચો | × | ................... | ૮) | દોસ્ત | × | .................. |

સ. ૫ તમને કયા પ્રાણીને પાળવું ગમે ? શા માટે ?
તેની મૌખિક ચર્ચા આપસમાં કરો અને પ્રાણીઓનાં નામ લખો.

### વિશેષ

નીચેના શબ્દો જોઈજોઈને ફરીથી લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | તેજુ | – | .................. | ૨) | ધ્યાન | – | .................. |
| ૩) | અજાણ્યો | – | .................. | ૪) | ત્યારે | – | .................. |
| ૫) | રહ્યો | – | .................. | ૬) | વચ્ચે | – | .................. |
| ૭) | દોસ્ત | – | .................. | ૮) | નીકળ્યો | – | .................. |

### ઉપક્રમ

પાળેલાં અને જંગલી પ્રાણીઓનાં ચિત્રો ભેગાં કરી પ્રોજેક્ટબુકમાં ચોંટાડો.


### હું વાંચું .... તમે પણ વાંચો



**મારો ડોગી 'ચોકો'**

મારો એક ડોગી, નામ એનું 'ચોકો',
વ્હાલ કરવાનો એ ; ચૂકે નહીં મોકો.
આખો દિવસ કરે દોડમદોડ, ખોવાય દડો, તો કરે શોધમશોધ.
એને ફરવાનું ગમે ; જયાં હોય ઘણા લોકો ;
મારો એક ડોગી ; નામ એનું 'ચોકો'.
એના સોનેરી વાળ અને લાંબા છે કાન ;
ખાવાના ટાણે એ કરે તોફાન,
ચાવી લે બધું ; જયાં મળે એને મોકો,
મારો એક ડોગી, નામ એનું 'ચોકો'.
દોડી દોડીને મને લાડમાં એ ચાટે,
ધમકાવો એને તો માઠુંયે લાગે,
એટલો એ મીઠ્ઠો, ના જડે એનો જોટો.
મારો એક ડોગી, નામ એનું 'ચોકો'....

– મેહુલ બુચ



**મૂંગાં પ્રાણીઓ આપણા ઉત્તમ મિત્રો છે.**

# ૬. વિરામચિહ્નો



૧) (.) પૂર્ણવિરામ : વાક્યના અંતે મૂકાય .

(અ) ગુલાબ ફૂલોનો રાજા છે.

(આ) વર્ષના ૧૨ મહિના હોય છે .

૨) (,) અલ્પવિરામ : એકજ જાતિના અનેક શબ્દો

આવે ત્યારે ....વાક્ય વાંચતાં અટકવાનું હોય ત્યારે .......

(અ) રીંગણાં , બટેટા , ગુવાર , ભીંડા , વગેરે શાકભાજી છે.

(આ) ભાઈઓ વચ્ચે ઝઘડાઓ થાય , ક્યારેક મિત્રતા પણ થાય.

૩) (?)પ્રશ્નાર્થચિહ્ન : પૂછાયેલા પ્રશ્નના અંતે મૂકાય.

(અ) તારું નામ શું છે ?

(આ) આપણે કયા રાજ્યમાં રહીએ છીએ ?

૪) (!) ઉદ્‌ગારવાચક ચિહ્ન : ભાવ કે લાગણી દર્શાવ્યા પછી મૂકાય.

(અ) વાહ !તેં સરસ ચિત્ર દોર્યું છે.


(આ) અઘઘઘ !કેટલી બધી ગિરદી છે.

૫) (“ ”) અવતરણ ચિહ્ન : કોઈના બોલેલા શબ્દો અવતરણ ચિહ્નમાં લખાય.

(અ) ગાંધીજીએ કહ્યું હતું, “ કરેંગે યા મરેંગે. ”

(આ) શિક્ષકે સૂચના આપી, “ આવતીકાલે રજા છે. ”

## સ્વાધ્યાય



સ. ૧ નીચેના વાક્યોમાં યોગ્ય જગ્યાએ યોગ્ય વિરામચિહ્ન મૂકો.

૧) મને લાડવા ભાવે છે
૨) ચાચા નેહરુએ મંત્ર આપ્યો આરામ હરામ હૈ
૩) કુહાડી કોદાળી છરી વગેરે પથ્થરમાંથી બનાવ્યા
૪) અરેરે કેવું દુ:ખદ દૃશ્ય છે
૫) પરીક્ષા ક્યારે છે
૬) કેટલો સુંદર ધોધ છે
૭) બગીચામાં પતંગિયાં ઊડી રહ્યાં છે
૮) ભારતદેશની રાજધાની કઈ છે
૯) નદી કૂવો તળાવ સરોવર પાણીના સ્ત્રોત છે
૧૦) યાદ રાખો ખાડો ખોદે તે પડે


# ૭. કરો રમકડાં કૂચકદમ

ટરરર ટરરર ઢમ ઢમ ઢમ,
કરો રમકડાં કૂચકદમ !
હાથીભાઈ, ચાલે આગળ પાછળ ઊંટ સવારી ;
ખડાક ખડબડ ઘોડો દોડે, ને શી છટા અમારી !
ચલો સૈનિકો કદમ કદમ,
કરો રમકડાં કૂચકદમ !
ઉપર ઘરરર વિમાન ગરજે નીચે લશ્કર - ગાડી ;
ભરી બંદૂકે સૈનિક સાથે ચાલો હાકલ પાડી.
'હોશિયાર' નો કરી હુકમ,
કરો રમકડાં કૂચકદમ !
બા તો હોઠે ધરે આંગળી, બાપા અચરજ પામે ;
મોટાભાઈ પૂછે, 'ચડાઈ કરી કહો કયા ગામે ?'
કહો, ખુદાના ખાઈ કસમ,
કરો રમકડાં કૂચકદમ !
મેજ ઉપર હું છટાથી બોલું કાઢી છાતી,
'હિંદ દેશના રક્ષણ કાજે, સેના સરહદ જાતી.'
ટરરર ટરરર ઢમ ઢમ ઢમ,
કરો રમકડાં કૂચકદમ !



**શબ્દાર્થ**

છટા – શોભા, અદા ; હાકલ – હાક, પોકાર ; હોશિયાર – સાવધાન ; હુકમ – ફરમાન; અચરજ – નવાઈ ; ખુદા – ભગવાન ; કસમ – સોગંદ ; મેજ – ટેબલ ; સરહદ – સીમા ; કાજે – માટે





## શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- લશ્કરી કૂચ, કવાયત, પરેડ વિષયક ચર્ચા
- પ્રસ્તુત કાવ્યમાં કરેલી રમકડાંની કૂચ બાબત પ્રશ્નોત્તર
- રમકડાંની કૂચ બાબત બા, બાપુજી, મોટાભાઈના પ્રતિભાવ બાબત
- સૈનિકોની કૂચ અને સરહદ બાબત ચર્ચા

## સ્વાધ્યાય



સ. ૧ એક શબ્દમાં જવાબ લખો.

૧) રમકડાંની કૂચમાં સૌથી આગળ કોણ ચાલે છે ? ..............................

૨) હાથીની પાછળ કોણ છે ? ..............................

૩) સૈનિકોના હાથમાં શું છે ? ..............................

૪) દેશના રક્ષણ કાજે સેના ક્યાં જાય છે ? ..............................

સ. ૨ કાવ્યમાંથી પ્રાસવાળા શબ્દ શોધીને લખો.

૧) સવારી – .................... ૨) ગાડી – ....................

૩) પામે – .................... ૪) છાતી – ....................

સ. ૩ આડાઅવળા અક્ષરો ગોઠવીને યોગ્ય શબ્દ બનાવો.

૧) મરડાંક – .................... ૨) નમાવિ – ....................

૩) શિરચાહો – .................... ૪) કૂકમદચ – ....................

૫) રઅચજ – .................... ૬) દરસહ – ....................

સ. ૪ ઢોલ વાગે ઢમ ઢમ તેવી રીતે ...... નીચે જવાબ લખો.

૧) હોર્ન વાગે – .................... ૨) ઝાંઝર વાગે – ....................

૩) ઘંટ વાગે – .................... ૪) ડમરું વાગે – ....................

૫) ઘૂઘરા વાગે – .................... ૬) સોટી વાગે – ....................

સ. ૫ કાવ્યપંક્તિને યોગ્ય રીતે જોડો.

૧) બા તો હોઠે ધરે આંગળી ............ બોલું કાઢી છાતી.

૨) મોટાભાઈ પૂછે, ચડાઈ .............. સેના સરહદ જાતી.

૩) મેજ ઉપર હું છટાથી ................ બાપા અચરજ પામે.

૪) હિંદ દેશના રક્ષણ કાજે .............. કરી કહો ક્યા ગામે ?

**વિશેષ**

નીચેના શબ્દો જોઈજોઈને ફરીથી લખો.

| | | | |
|---|---|---|---|
| ૧) સૈનિકો | – .................. | ૨) લશ્કર | – .................. |
| ૩) રક્ષણ | – .................. | ૪) ઊંટ | – .................. |
| ૫) ટરરર | – .................. | ૬) કૂચકદમ | – .................. |

**ઉપક્રમ**

વર્ગના મિત્રો સૈનિક બની કૂચ કરવાનું પ્રાત્યક્ષિક કરો.
કૂચ કરતાં કરતાં આ કાવ્યનું સમૂહગાન કરો.



**હું વાંચું .... તમે પણ વાંચો**

**દોડી જાવું મારે**



વીડિયો ગેમ ને ટી. વી. છોડી નીકળી પડવું મારે,
હાઈકિંગ, ટ્રેકિંગ કરવા દોડી જાઉં નદીની ધારે.
માટીને ખૂંદી લેવી છે, ફૂલો ચૂંટી લેવા,
કાંટા વાગે, ભલે ને વાગે અહીં શું લેવા દેવા.
રાજમાર્ગ છોડી ચાલીશું કેડીની પગથારે,
વીડિયો ગેમ ને ટી. વી. છોડી નીકળી પડવું મારે.
વેકેશનમાં દૂર જઈને રમશું નેચર નેચર,
કોણ કહે છે નેચર, એ તો પોતે જાણે ઈશ્વર.
હું પોતે છું હલકી ફુલકી અને છે આ વાતો ભારે,
વીડિયો ગેમ ને ટી. વી. છોડી નીકળી પડવું મારે.

– દિલીપ રાવલ

**નિયમિત વ્યાયામથી શરીર સ્વસ્થ રહે છે.**

# ૮. બિરબલની ચતુરાઈ

અકબર બાદશાહનો દરબાર ભરાયો હતો. સૌ રંગમાં હતા. બાદશાહે આજે એક રમૂજી નુસખો ખોળી કાઢ્યો હતો. એક પછી એક દરબારીને બાદશાહ પૂછતા, ''દિલ્હી શહેરમાં કાગડા કેટલા ?'' પણ જવાબ કોણ આપે ? કાગડાની ગણતરી કર્યા વિના કોણ કહે કે આટલા કાગડા હશે? અને કાગડાઓની ગણતરી પણ કેવી રીતે કરાય? એટલે જવાબ આપ્યા વગર છાનામાના તેઓ પોતાની જગ્યાએ બેસી રહેતા.

એવામાં બિરબલ આવ્યો. બિરબલને જોઈ બાદશાહે પૂછ્યું, ''બિરબલ, કહે જોઈએ, દિલ્હી શહેરમાં કાગડા કેટલા ?'' બીરબલે તો બેધડક જવાબ દીધો, ''ખુદાવંદ, ચૌદ હજાર નવસો ઓગણત્રીસ.''

એ સાંભળી બધા દરબારીઓ નવાઈ પામ્યા.

કોઈએ કહ્યું, ''ખોટી વાત !''

કેટલાકે કહ્યું, ''એમ હોય જ નહિ.''

એક જણે કહ્યું, ''બિરબલની ગણતરી સાચી જ હશે, કારણકે ચોક્કસ જાણ્યા વિના તે જવાબ ન આપે.'' સૌનું સાંભળી એક દરબારી બોલ્યો, ''પણ બિરબલ સાચો છે એમ સાબિત જ શી રીતે થશે ?''

બાદશાહ દરબારનો રંગઢંગ જોઈ રહ્યા. પછી તેમણે ધીમે રહીને બિરબલને પૂછ્યું, ''બિરબલ, તેં કાગડાની ગણતરી કરીને જવાબ આપ્યો છે કે એમ જ ?''

બિરબલે જવાબ આપ્યો, ''ગણતરી કરીને, ખુદાવંદ.'' બાદશાહ બોલ્યા,

''જો તારી ગણતરી ખોટી પડશે તો જેટલા કાગડા ઓછાવત્તા થશે એટલા મહોર તને દંડ થશે.''



બિરબલે કહ્યું, "કબૂલ છે, ખુદાવંદ."

બાદશાહે પૂછ્યું, "કાગડા ઓછા હશે તો ?"

બિરબલ બોલ્યો, "એટલા કાગડા બહારગામ ગયા હશે."

બાદશાહે ફરી પૂછ્યું, "અને કાગડા વધારે થાય તો ?"

બિરબલે તરત જવાબ આપ્યો, "એટલા કાગડા અહીં મહેમાન તરીકે આવ્યા હશે."

બિરબલના ચતુરાઈ ભરેલા આ જવાબથી સૌ રાજી રાજી થઈ ગયા અને એનાં વખાણ કરવા લાગ્યા.

## શબ્દાર્થ

નુસખો – ટૂચકો ; ખોળવું – શોધવું ; બેધડક – ડર્યા વગર ; રંગઢંગ – વર્તન ; દંડ – સજા ; કબૂલ – મંજૂર.



## શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- અકબર રાજા અને તેના દરબારની વિશેષતાનો પરિચય
- અકબરના દરબારના વિશેષ દરબારીઓની ઓળખ
- બિરબલના હાજરજવાબીપણાનાં બે–ચાર અન્ય ઉદાહરણો
- પ્રસ્તુત પ્રસંગને ધ્યાનમાં લઈ પ્રશ્નોત્તર

## સ્વાધ્યાય

સ. ૧ એકજ શબ્દમાં જવાબ લખો.

૧) કયા બાદશાહનો દરબાર ભરાયો હતો ? ....................................

૨) બિરબલે બાદશાહને શું કહીને સંબોધન કર્યું ? ................................

૩) બિરબલનો જવાબ કેવો હતો ? ............................................

૪) બિરબલ તેના કયા ગુણ માટે જાણીતો છે ? ....................................

સ. ૨ નીચેનાં વાક્યો કોણ બોલે છે ? કોને કહે છે ?

૧) 'દિલ્હી શહેરમાં કાગડા કેટલા ?'

જવાબ : ................................................................

૨) 'ખુદાવંદ, ચૌદ હજાર નવસો ઓગણત્રીસ.'

જવાબ : ................................................................

૩) 'કાગડા ઓછા હશે તો ?'

જવાબ : ................................................................

૪) 'એટલા કાગડા અહીં મહેમાન તરીકે આવ્યા હશે.'

જવાબ : ................................................................

સ. ૩ વિરોધી અર્થવાળા શબ્દ લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) જવાબ | × | ..................... | ૨) શહેર | × | ..................... |
| ૩) ખોટી | × | ..................... | ૪) ઓછા | × | ..................... |

સ. ૪ આડાઅવળા શબ્દો ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો.

૧) કાગડા દિલ્હી કેટલા ? શહેરમાં

જવાબ : ....................................................................................

૨) વધારે તો ? અને કાગડા થાય

જવાબ : ....................................................................................

સ. ૫ અકબર રાજાના દરબારમાં નવરત્નો હતા. તેમના દરેકનાં નામ શોધો. તેમની સામે તેમનું વિશેષણ લખો. દા. ત. તાનસેન – ગવૈયો

## વિશેષ

નીચેના શબ્દો જોઈજોઈને ફરીથી લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) દિલ્હી | – | ..................... | ૨) જગ્યા | – | ..................... |
| ૩) પામ્યા | – | ..................... | ૪) બોલ્યો | – | ..................... |
| ૫) રહ્યાં | – | ..................... | ૬) ઓછાવત્તા | – | ..................... |

## ઉપક્રમ

અકબર બીરબલના અન્ય આવા બે પ્રસંગો શોધી લાવી વર્ગમાં કહો. તે પ્રસંગમાં આવતા નવા નવા શબ્દોની યાદી બનાવો.



## હું વાંચું..... તમે પણ વાંચો



ઉખાણાં


(૧) કાળા કાળા ક્યારા, વચ્ચે ધોળાં ફૂલ
રાતે લાગે ન્યારાં દિવસે થાયે ડૂલ
ચૂંટી લાવો પ્યારાં ઝગમગતાં એ ફૂલ !

(૨) ઊડું પણ હું પંખી નહિ, મધ પીઉં મધમાખી નહિ,
ફૂલો વચ્ચે મારો વાસ, ફૂલો મુજને ગમતાં ખાસ,
પાંખે મારે રઢિયાળી ભાત. રંગબેરંગી મારી જાત !


(૩) આમ જાઉં, તેમ જાઉં, જ્યાં જાઓ ત્યાં સાથે થાઉં ;
નાનો થાઉં, મોટો થાઉં, ઊંધી જાઓ તો સંતાઈ જાઉં.

(૪) ચાર ખૂણાનું ચોકઠું, અદ્ધર ઊડ્યું જાય ;
રાજા પૂછે રાણીને, એ ક્યું જનાવર જાય ?

# ૯. વચન - જાતિ




ફૂલ



ફૂલો



પક્ષી



પક્ષીઓ

એકવચન : એક વસ્તુ માટે

બહુવચન : બે કે તેથી વધારે વસ્તુ માટે

### યાદ રાખો

૧) ‘ઓ’ પ્રત્યયથી બહુવચન બનશે, ‘વસ્તુ’ બનશે ‘વસ્તુઓ’, ‘ગુરુ’નું બને ‘ગુરુઓ’ અને ‘પુસ્તક’ બને છે ‘પુસ્તકો’.

૨) ‘ઉં’ અંત્યમાં ‘આં’ થાય છે, ‘બકરું’ બને ‘બકરાં’, ઘઉં દ્રવ્યવાચક બહુવચન છે પ્રત્યયો નથી લાગતા.

૩) ‘ઓ’ અંત્યમાં ‘આ’ થાય છે. ‘પંખો’ બને ‘પંખા’, ‘વાટકો’ બને ‘વાટકા’ અને ‘દરવાજો’ બને ‘દરવાજા’.

### નીચેનો કોઠો પૂર્ણ કરો

| એકવચન | બહુવચન |
| --- | --- |
| પંખો | ..................... |
| ..................... | દરવાજા |
| ..................... | ચોપડીઓ |
| છોકરી | ..................... |
| માટલું | ..................... |
| ..................... | નદીઓ |
| પાંદડું | ..................... |

### વચન ઓળખો

૧) માળા – એકવચન

૨) નકશા – ................

૩) પ્યાલો – ................

૪) વાટકા – ................

૫) પ્રાણી – ................

૬) કૂવો – ................




કેવો

નરજાતિ



કેવી

નારીજાતિ



કેવું

નાન્યતર જાતિ

**યાદ રાખો**

૧) નરજાતિ તે પુલ્લિંગ છે, સ્ત્રીલિંગ તે નારીજાતિ,
નારી નહીં કે નર નહીં તે તો નપુંસકલિંગ છે.

૨) કેવો, કેવી તથા કેવું પૂછી નિશ્ચય કરો,
એ રીત સાચી માનજો નિર્ણય તમારો છે ખરો.



## સ્વાધ્યાય

જાતિ બદલો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧) | મામા | – | મામી | ૨) | વાઘ | – | વાઘણ | ૩) | ગોર | – | ગોરાણી |
| | દાદા | – | .......... | | સિંહ | – | .......... | | શેઠ | – | .......... |
| | નાના | – | .......... | | કુંભાર | – | .......... | | નોકર | – | .......... |
| | કાકા | – | .......... | | મોચી | – | .......... | | પટેલ | – | .......... |
| | માસા | – | .......... | | પૂજારી | – | .......... | | રાજા | – | .......... |

**વિદ્વાન સર્વત્ર પૂજાય છે.**

# ૧૦. ઊંટ કહે

ઊંટ કહે : આ સભામાં વાંકાં અંગવાળાં ભૂંડાં,
ભૂતળમાં પશુઓ ને પક્ષીઓ અપાર છે :
બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી,
કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે.
વારણની સૂંઢ વાંકી, વાઘના છે નખ વાંકા,
ભેંસને તો શિર વાંકાં શિંગડાંનો ભાર છે.
સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ ;
અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે !








## શબ્દાર્થ

સભા – બેઠક ; અંગ – અવયવ, શરીરનો ભાગ ; ભૂતળ – પૃથ્વી ; વારણ – હાથી ; શિર – માથું ; અન્ય – બીજા ; અપાર – પુષ્કળ

## શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- જોયેલા પ્રાણીઓના નામની યાદી.
- તે યાદીના દરેક પ્રાણીઓની વિશેષતા.
- પ્રાણીઓના શરીરના વિવિધ અંગોની ઉપયોગિતા.
- પ્રસ્તુત કાવ્યને લગતા પ્રશ્નોત્તર.




## સ્વાધ્યાય

સ. ૧ નીચેનાં પ્રાણીઓના કયા અવયવ વાંકા છે ?

૧) બગલાની – ..................... ૨) કૂતરાની – ....................
૩) હાથીની – ..................... ૪) પોપટની – ....................
૫) વાઘના – ..................... ૬) ભેંસનાં – ....................

સ. ૨ પૂરા વાક્યમાં જવાબ લખો.

૧) ઊંટે બધાં પ્રાણીઓને કેવાં કહ્યાં છે ?
જવાબ : ..........................................................................
૨) શિયાળે ઊંટને શો જવાબ આપ્યો ?
જવાબ : ..........................................................................

સ. ૩ નીચેનાની જાતિ બદલો. જવાબ માટે કૌંસમાંના શબ્દો પસંદ કરો.

(સાંઢણી, મેના, કૂતરી, વાઘણ, શિયાળવી, હાથણી)

૧) વાઘ – ..................... ૨) પોપટ – ....................
૩) શિયાળ – ..................... ૪) હાથી – ....................
૫) કૂતરો – ..................... ૬) ઊંટ – ....................

સ. ૪ તમે જાણો છો તે પ્રાણીઓનાં નામ લખી તેમના રંગ લખો.

## વિશેષ

નીચેના શબ્દો જોઈજોઈને ફરીથી લખો.

૧) ઊંટ – ..................... ૨) પક્ષીઓ – ....................
૩) પૂંછડી – ..................... ૪) વિસ્તાર – ....................
૫) શિંગડાં – ..................... ૬) બોલ્યું – ....................


**ઉપક્રમ**

પ્રસ્તુત કાવ્યમાં શિયાળના જવાબ ઉપરથી તમને શો બોધ મળે છે તે કહો. વર્ગના અન્ય વિદ્યાર્થીઓ શો બોધ મેળવે છે તેની આપસમાં ચર્ચા કરો. ચર્ચા અંતે એક સામાન્ય બોધ એક વાક્યમાં લખો.

**હું વાંચું ... તમે પણ વાંચો**



## હાથીભાઈને મોજ ...



આ હાથીભાઈને મોજ ...
ના સ્કૂલ જવાની ચિંતા,
ના હોમવર્કનો બોજ !
જંગલ જંગલ ફરવાનું ને
ઘાસ લીંલુછમ ચરવાનું,
ના મમ્મીની રોક–ટોક કે
ના પપ્પાથી ડરવાનું,
ના સ્પેલિંગ પાઠ કરવાના,
નહિ લખવાની નોટ,
તો ય કદી ક્યાં કોઈ કહે છે
હાથીભાઈને ઠોઠ ?
ને હું મસ્તી સહેજ કરું ત્યાં સૌ ખીજે રોજ !
આ હાથીભાઈને મોજ ...
હાથીભાઈને સૂંઢ ફુવારો,
મને બાલદી કાં નાની ?
તળાવ આખું ડહોળે તોયે કોઈ કહે ના તોફાની!
ફાવે ત્યારે રમી શકે એ ફાવે તેવી ગેમ,
મને ય થોડું જીવવા દો ને હાથીભાઈની જેમ!
પીછો કાં ના છોડે,
દફતર ને નોટોની ફોજ ?
આ હાથીભાઈને મોજ ...

– કિરીટ ગોસ્વામી

**પોતાના અવગુણ જાણી - વિચારીને ત્યાગ કરે તે વિવેકી**

# ૧૧. ધન્ય છે ગંગાને !



નર્મદા નદીને કાંઠે આવેલું ઓમકારેશ્વર યાત્રાધામ તરીકે જાણીતું છે. ત્યાં નદી પર અનેક ઘાટ બાંધવામાં આવ્યા છે. ઘાટ પર બેસીને લોકો સ્નાન કરે કે કપડાં ધુએ.

ઈ. સ. ૧૯૮૫ની વાત.

ગંગાને ઘેર ધોબીનું કામ. રોજ તે કપડાંનો ગાંસડો લઈ કેવલરામ ઘાટ પર કપડાં ધોવા જાય. નદી સાથે કામ અને તરતાં ન આવડે એ કેમ બને ? ગંગાને સરસ તરતાં આવડે. પાછી બહાદુર પણ ખરી !

એક દિવસની વાત.

કેવલરામ ઘાટ પર સંજય નામનો એક

છોકરો નહાતો હતો. ઘાટનાં પગથિયાં લીલવાળાં એટલે સંજયનો પગ લપસ્યો. તે તો સીધો ઊંડા પાણીમાં પડ્યો.

સંજયની સાથે તેની બે બહેનો પણ નહાવા માટે આવી હતી. એકના એક વહાલસોયા ભાઈને પાણીમાં પડેલો જોઈને તેઓએ તેને બચાવવાની કોશિશ કરી, પણ ઊલટું તે બંને પણ પ્રવાહમાં તણાવા લાગી.

એક સાથે ત્રણ ત્રણ બાળકો પાણીમાં ડૂબવા લાગ્યાં.

ગંગાએ કપડાં ધોતાં ધોતાં આ કરુણ દશ્ય જોયું. એ હિંમતબાજ અને સાહસિક કન્યાને થયું : ''હું અહીં ઘાટ પર હાજર હોઉં ને મારી નજર સામે ત્રણ ત્રણ બાળકો ડૂબી મરે ? એ તે કેમ બને ?'' ગંગાએ ચણિયાનો કછોટો માર્યો અને નર્મદાનાં નીરમાં ઝુકાવ્યું. પાણીમાં તે મગરની જેમ સડસડાટ આગળ વધી. ઝડપથી તરતી તરતી પેલાં ત્રણ બાળકોની પાસે પહોંચી ગઈ.

ત્રણેય બાળકો પાણીમાં પણ એકબીજાને વળગેલાં હતાં. એક બાલિકાના છૂટ્ટા વાળ ગંગાના હાથમાં આવી ગયા. ગંગાએ એક બહેનને ખેંચી ત્યાં તો એ ત્રણેય પ્રવાહની ઉપર આવી ગયાં. પછી તો નર્મદાના તેજ પ્રવાહમાં તરતી ગંગા ઘાટ પર પહોંચી ગઈ. આમ બહાદુર બાળાએ ત્રણેયને કિનારે પહોંચાડી દીધાં.

ત્યાં સુધીમાં તો ઘાટ પર માણસોની ઠઠ જામી ગઈ હતી. ગંગાના પરાક્રમથી સૌ પ્રભાવિત થઈ ગયા. કોઈની હિંમત ન ચાલી ત્યારે એક તેર વરસની છોકરીએ જીવની પરવા ન કરતાં ત્રણ ત્રણ બાળકોને બચાવી લીધાં. પ્રાથમિક ઉપચાર કરીને ત્રણેય બાળકોનાં પેટમાં ભરાઈ ગયેલું પાણી કાઢી નાખવામાં આવ્યું.

ગંગાની બહાદુરી, હિંમત અને સમયસૂચકતાનાં સૌ વખાણ કરવા લાગ્યાં.

## શબ્દાર્થ

ગાંસડો – પોટલું ; લીલ – શેવાળ ; કોશિશ – પ્રયત્ન ; કરુણ – દુઃખ ઉપજાવનારું ; પ્રવાહ – વહેણ ; નીર – પાણી, જળ ; તેજ – ઝડપી, વેગીલું ; ઉપચાર – સારવાર, ઉપાય.

## શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- વર્ગના બહાદુર બાળકોનાં નામની યાદી.
- યાદીમાંનાં બાળકોએ બતાવેલી બહાદુરીના પ્રસંગની ચર્ચા
- સાહસિક બાળકોના કોઈ પ્રસંગની રજૂઆત.
- સાહસિક બાળકોને અપાતા રાષ્ટ્રીય પુરસ્કારોની માહિતી.



## સ્વાધ્યાય



સ. ૧ એક શબ્દમાં જવાબ લખો.

૧) નર્મદા નદીને કાંઠે કયું યાત્રાધામ જાણીતું છે ? ..............................

૨) ઘાટનું નામ શું હતું ? ..............................

૩) ઘાટનાં પગથિયાં કેવાં હતાં ? ..............................

૪) નર્મદાનો પ્રવાહ કેવો હતો ? ..............................

૫) ગંગા પાણીમાં કોની જેમ તરતી હતી ? ..............................

સ. ૨ પૂરા વાક્યમાં જવાબ લખો.

૧) સંજયનો પગ શાથી લપસ્યો ?
જવાબ : ..............................

૨) સંજયને બચાવવાની કોશિશ કોણે કરી ?
જવાબ : ..............................

૩) ઘાટ પરના લોકો શેનાથી પ્રભાવિત થઈ ગયા ?
જવાબ : ..............................

૪) લોકો ગંગાના કયા કયા ગુણોનાં વખાણ કરવા લાગ્યાં ?
જવાબ : ..............................

૫) બાળકોના પેટમાં ગયેલું પાણી કાઢવા શું કર્યું ?
જવાબ : ..............................

સ. ૩ નીચેના શબ્દસમૂહો અને અર્થની જોડી બનાવો.

| | |
|---|---|
| ૧) કછોટો મારવો | જાનની ચિંતા ન કરવી. |
| ૨) નીરમાં ઝુકાવવું | ગિરદી થવી. |
| ૩) ઠઠ જામવી | છેડો પગ વચ્ચેથી કમરમાં ખોસવો. |
| ૪) જીવની પરવા ન કરવી | પાણીમાં ડૂબકી મારવી. |

સ. ૪ નમૂના પ્રમાણે શબ્દ બનાવો. દા. ત. રમવું – રમાડવું

| | |
|---|---|
| ૧) જમવું – .................... | ૨) ગમવું – .................... |
| ૩) બેસવું – .................... | ૪) પહોંચવું – .................... |

સ. ૫ વચન બદલો.

| | |
|---|---|
| ૧) નદી – .................... | ૨) પગથિયું – .................... |
| ૩) છોકરો – .................... | ૪) મગર – .................... |
| ૫) દશ્ય – .................... | ૬) દિવસ – .................... |

સ. ૬ રમતાં રમતાં તમારો એક મિત્ર અચાનક પડી ગયો અને તેને લોહી નીકળવા લાગ્યું. તાત્કાલિક તમે શું કરશો ?



## વિશેષ

નીચેના શબ્દો જોઈજોઈને ફરીથી લખો.

| | | | |
|---|---|---|---|
| ૧) ઓમકારેશ્વર – | ................ | ૨) સ્નાન – | .................. |
| ૩) પ્રવાહ – | .................. | ૪) છૂટ્ટા – | .................. |
| ૫) ઝુકાવ્યું – | .................. | ૬) પરાક્રમ – | .................. |
| ૭) પ્રાત્યક્ષિક – | .................. | ૮) નર્મદા – | .................. |

## ઉપક્રમ

ગંગાએ સમયસૂચકતા વાપરીને ત્રણેય બાળકોને બચાવી લીધા.
તમે કયા કયા પ્રસંગે સમયસૂચકતા વાપરશો ?
તેવા ત્રણ પ્રસંગો વર્ણવો.





## હું વાંચું ..... તમે પણ વાંચો

### કોણ શું કહે છે ?



વૃક્ષ : દુઃખ સહન કરીને પણ પરોપકાર કરો.

વાદળ : બીજા માટે વરસી જતાં શીખો.

ધૂપસળી : પોતે સળગીને પણ બીજાને સુગંધ આપો.

ફૂલ : સુખ અને દુઃખ બંનેમાં હસતાં રહો.





સૂર્ય : મારી જેમ નિયમિત બનો.

સોય : જુદા થયેલાને ભેગા કરો.

અરીસો : જેવા હશો તેવા જ દેખાશો.





પર્વત : ગમે તેવી સ્થિતિમાં અડગ રહો.

ફુગ્ગો : અભિમાનથી ફૂલતા જશો તો ફૂટી જશો.

નદી : જ્યાંથી માર્ગ મળે તે માર્ગે સતત આગળ વધતા રહો.









**પરોપકાર સૌથી મોટો ધર્મ છે.**

# ૧૨. પત્રલેખન

રાજભવન - બી / ૧,
જ્યુબિલી ગાર્ડન સામે,
રાજકોટ, ગુજરાત.
તા. :

પ્રિય મિત્ર મનન,

આજે તારો પત્ર મળ્યો. વાંચી ખૂબ આનંદ થયો. હું મજામાં છું.

બીજું ખાસ જણાવવાનું કે ગયા અઠવાડિયે અમે શાળામાંથી પોરબંદરના પ્રવાસે ગયાં હતાં. ત્યાંનો સુખદ અનુભવ આ પત્રમાં જણાવું છું. તને પણ જરૂર આનંદ થશે.

પોરબંદર તો ગાંધીજીની જન્મભૂમિ. અમે સૌપ્રથમ બાપુના જન્મસ્થાન કીર્તિમંદિરમાં ગયાં. ત્યાં પૂજ્ય બાપુની અને કસ્તૂરબાની મોટા કદની છબીઓ રાખવામાં આવી છે. બાપુના ચશ્મા, લાકડી, ઘડિયાળ વગેરે વસ્તુઓ યોગ્ય સ્થાને સુંદર રીતે ગોઠવેલી છે. તે જોઈને એક પ્રકારનો રોમાંચ અનુભવ્યો. પછી અમે સુદામાના મંદિરે ગયાં. ત્યાં અમને અમારા શિક્ષકે કૃષ્ણ-સુદામાની મિત્રતાની વાત કરી. તું મને ખૂબ યાદ આવી ગયો. ત્યાં આર્યકન્યા ગુરૂકુળમાં પણ અમે ગયાં હતાં. ખરેખર, પોરબંદર ગુજરાતનું જ નહિ પરંતુ સમગ્ર ભારતનું ઐતિહાસિક સ્થળ છે.

તારાં પૂજ્ય મમ્મી - પપ્પાને પ્રણામ અને ચિ. ગુડ્ડીને મારી યાદ.

લિ. તારો મિત્ર રાજેશ

તમારી શાળામાંથી જતા પર્યટનમાં જવાની મંજૂરી માંગતો પત્ર તમારાં માતા-પિતાને લખો.



## ૧૩. ઢોલીડા ઢોલ ધીમે વગાડ ના

ઢોલીડા ઢોલ ધીમે ધીમે વગાડ ના, ધીમે વગાડ ના,
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના … ટેક
ધ્રૂજે ના ધરણી તો રમઝટ કહેવાય ના, રમઝટ કહેવાય ના … રઢિયાળી …
પૂનમની રાતડી ને આંખડી ઘેરાય ના આંખડી ઘેરાય ના … રઢિયાળી …
હો … ઓ … ચમકંતી ચાલ અને ઘૂઘરી ઘમકાર,
નૂપુરના નાદ સાથે તાલીઓના તાલ …
ગરબામાં ઘૂમતાં માને કોઈથી પહોંચાય ના, કોઈથી પહોંચાય ના,
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના … ઢોલીડા ઢોલ …



હો ... ઓ ... વાંકડિયા વાળ અને કેશકલાપ,
મોગરાની વેણીમાં શોભે ગુલાબ,
નીરખું નીરખું ને મારું મનડું ધરાય ના, મનડું ધરાય ના,
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના ... ઢોલીડા ઢોલ ...
હો ... ઓ સોળે શણગાર સજી અવની પર આઈ,
રમવાને રાસ આવ્યાં, અલબેલી માય,
આછી આછી ઓઢણીમાં રૂપ માનું માય ના, તેજ માનું માય ના,
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના ... ઢોલીડા ઢોલ ...

## શબ્દાર્થ

રઢિયાળી – સુંદર ; નૂપુર – ઝાંઝર, પાયલ ; ધ્રૂજે – હાલે, કંપે ; નાદ – અવાજ ; ધરણી – ધરતી, અવની ; ઓઢણી – ચૂંદડી

## શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- વિદ્યાર્થીઓ જાણતા હોય તેવા ગરબાઓની યાદી.
- પ્રસ્તુત લોકગીત વિશેની ચર્ચા.
- લોકગીત કોને કહેવાય ? તેનું સ્પષ્ટીકરણ.
- પ્રસ્તુત કાવ્યનું સામૂહિક ગાન.



## સ્વાધ્યાય

સ. ૧ એક શબ્દમાં જવાબ લખો.

૧) ઢોલ કોણ વગાડે છે ? ............................................................

૨) રાત કેવી છે ? ............................................................

૩) ધરતી ધ્રૂજે તેને શું કહેવાય ? ............................................................

૪) તાલીઓના તાલ સાથે કોનો અવાજ ભળે છે ? ..................................

૫) કઈ રાતે ઊંઘ આવતી નથી ? ............................................................

સ. ૨ પૂરા વાક્યમાં જવાબ લખો.

૧) ગુલાબનું ફૂલ શેમાં શોભી રહ્યું છે ?
જવાબ : ............................................................

૨) રાસ રમવા માતાજી કેવા શણગાર સજીને આવ્યા છે ?
જવાબ : ............................................................

૩) માતાજીએ કેવી ઓઢણી ઓઢી છે ?
જવાબ : ............................................................

સ. ૩ માતાજીના શણગારનું વર્ણન પૂરું કરો.

૧) પગમાં – ....................  ૨) માથે – ....................
૩) વાળમાં – ....................  ૪) હાથમાં – ....................

સ. ૪ સમાનાર્થી શબ્દ લખો.

૧) ધરણી – ....................  ૨) આંખ – ....................
૩) દિલ – ....................  ૪) રાત – ....................

સ. ૫ કહો શેનો કે શેની ?

૧) ધમકાર – ....................  ૨) વેણી – ....................
૩) નાદ – ....................  ૪) તાલ – ....................

## વિશેષ

નીચેના શબ્દો જોઈ જોઈને ફરીથી લખો.

૧) ધ્રૂજે – ..........................  ૨) નૂપુર – ....................
૩) રઢિયાળી – ....................  ૪) વાંકડિયા – ....................

## ઉપક્રમ


માતાજીના જુદાંજુદાં નામોની યાદી બનાવો.
અને તેનાં ચિત્રો મેળવીને પ્રોજેક્ટબુકમાં ચોંટાડો.

## હું વાંચું .... તમે પણ વાંચો




ઢોલીડા ઢોલ તું વગાડ, ગરબો હેલે ચઢ્યો રે ...
સૂતેલા માનવી જગાડ, ગરબો હેલે ચઢ્યો રે ...
દેજો રંગતાળી ને વાગે છે તાળી,
ગરબે છંટાયા ગુલાલ, ગરબો હેલે ચઢ્યો રે ...
ગરબો ગાજે છે પેલા ગબ્બરના ગોખમાં,
ડુંગરમાં બોલે છે મોર ... ગરબો હેલે ચઢ્યો રે ...
ગરબો જોવાને તમે એકવાર આવજો,
સરખી સાહેલીઓની સાથ ... ગરબો હેલે ચઢ્યો રે ...
ચારે બેનો રમે ચાચરના ચોકમાં,
રત્ન તળાવડીની પાળ ... ગરબો હેલે ચઢ્યો રે ...
ઢોલીડા ઢોલ તું વગાડ ગરબો હેલે ચઢ્યો રે ...

– લોકગીત



**સુખ અને શાંતિ સંસ્કારથી મળે છે.**

# ૧૪. ચિત્રવાર્તા



# ૧૫. નામ

ત્રણ ત્રણ નામ લખો.

૧) છોકરા – કેતન, મિહિર, .............., .............., ..............
૨) છોકરી – સૃષ્ટિ, દિવ્યા, .............., .............., ..............
૩) નદી – ગંગા, નર્મદા, .............., .............., ..............
૪) ફૂલ – કમળ, ચંપો, .............., .............., ..............
૫) ફળ – કેળાં, ચીકુ, .............., .............., ..............
૬) મહિના – કારતક, માગશર, .............., .............., ..............
૭) અનાજ – જુવાર, બાજરો, .............., .............., ..............
૮) કઠોળ – મગ, ચણા, .............., .............., ..............
૯) પર્વત – સહ્યાદ્રિ, સાતપુડા, .............., .............., ..............
૧૦) રંગ – સફેદ, ગુલાબી, .............., .............., ..............

**યાદ રાખો**

જાતિ દર્શાવતા, સમૂહ દર્શાવતા, ભાવ દર્શાવતા, વ્યક્તિઓના, દ્રવ્યપદાર્થોના શબ્દોને વ્યાકરણની ભાષામાં નામ કહેવાય છે.

## સર્વનામ

૧) તારું નામ શું છે ?
૨) તે લખે છે.
૩) તેઓ બગીચામાં ફરવા ગયા છે.
૪) અમે વનમહોત્સવ ઉજવવાના છીએ.
૫) તમે પ્રયત્ન કરશો તો જરૂર સફળ થશો.
૫) તમારી શાળા ક્યાં છે ?

લીટી દોરેલા શબ્દો નામના બદલે વપરાયેલા છે.

**યાદ રાખો**

નામને બદલે વપરાતા શબ્દોને સર્વનામ કહેવાય છે.



**સ્વાધ્યાય**

સ. ૧ નામ ઓળખી તેની નીચે લીટી દોરો.


૧) નીલને પુકુ વહાલો હતો.
૨) ગાંધીજીને ચોખ્ખાઈ ગમતી.
૩) મેઘધનુષમાં સાત રંગ છે.
૪) હિમાલય ઊંચો પર્વત છે.
૫) પંખીઓનો રાજા મોર છે.
૫) વર્ષના મહિના બાર છે.

સ. ૨ સર્વનામ ઓળખી તેની નીચે લીટી દોરો.

૧) ઉતરાણમાં અમે પતંગ ચગાવી.
૨) મારાથી લગ્નમાં ન જવાયું.
૩) મેં ખુલ્લો નળ બંધ કર્યો.
૪) તમે બગીચામાંથી ફૂલ ન તોડો.
૫) પોલીસે ચોરને તેના ગુના માટે જેલમાં પૂર્યો.
૬) તેને સફરજન ખૂબ ભાવે છે.
૭) મયંકે પોતાની ભૂલની માફી માંગી.

# ૧૬. મારું ગુજરાત

સૌથી નોખું સૌથી પ્યારું, પ્યારું છે ગુજરાત મારું,
પળ - પળ હું એને વિચારું, વહાલું છે ગુજરાત મારું.
ગાંધીબાપુએ શણગાર્યું, સરદારે જેને નિખાર્યું,
એના પર સઘળું હું વારું, પ્યારું છે ગુજરાત મારું.
નર્મદા, મહીસાગર, તાપી, કુદરતે લોકમાતા આપી,
લાગે છે એ બહુ અલગારું, પ્યારું છે ગુજરાત મારું.
ખેતર સાથે, હરિયાળી પણ, પર્વતો પણ, છે અહીં રણ,
ધારણાથી વધારે સારું, પ્યારું છે ગુજરાત મારું.
ગર્વ છે કે હું ગુજરાતી, દુનિયા આ જોઈ લલચાતી,
શ્વાસે શ્વાસે હું પોકારું, પ્યારું છે ગુજરાત મારું.



## શબ્દાર્થ

નોખું – જુદું, અનેરું ; નિખારવું – સુંદર બનાવવું ; અલગારું – નિરાળું ; ગર્વ – અભિમાન, ગુમાન ; પોકારવું –બોલાવવું ; હરિયાળી – લીલીછમ ; વારવું – આપી દેવું.

## શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા



- બાળકોના વતન વિશેની જાણકારી મેળવવાના પ્રશ્નોત્તર
- ગુજરાત રાજ્યની વિશેષતાની માહિતીનું સંકલન
- ગુજરાતના નેતાઓ, નદીઓ, પર્વતો, ખેતરો વિશે ચર્ચા
- ભારતની વિશેષતામાં ગુજરાતના યોગદાન વિશે ચર્ચા
- ગુજરાતી હોવાના અભિમાન બાબત ચર્ચા

## સ્વાધ્યાય



સ. ૧ એક શબ્દમાં જવાબ લખો.

૧) ગુજરાતને કોણે શણગાર્યું છે ? ..........................................

૨) ગુજરાતને કોણે નિખાર્યું છે ? ..........................................

૩) કવિએ અલગારું કોને કહ્યું છે ? ..........................................

૪) કવિને શું હોવાનો ગર્વ છે ? ..........................................

સ. ૨ ખાલી જગ્યામાં કવિતામાંથી યોગ્ય શબ્દ મૂકી પંક્તિ પૂર્ણ કરો.

૧) સૌથી નોખું સૌથી .................................. મારું.

૨) પળ – મળ હું ...................................... મારું.

૩) નર્મદા, મહીસાગર, ............................... આપી.

૪) ખેતર સાથે, .................... અહીં રણ.

સ. ૩ ગુજરાતના ‘ગુજરાતી’ લોકો તેમ નીચેના રાજ્યના લોકોને શું કહેવાય ?

| | |
|---|---|
| ૧) પંજાબ – .................... | ૨) બંગાળ – .................... |
| ૩) મદ્રાસ – .................... | ૪) બિહાર – .................... |
| ૫) કાશ્મીર – .................... | ૬) મહારાષ્ટ્ર – .................... |

સ. ૪ કવિતામાં આવતાં નામ શોધીને લખો.

.................... .................... .................... ....................

.................... .................... .................... ....................

.................... .................... .................... ....................

સ. ૫ નદીને લોકમાતા શા માટે કહેવાય છે ?
તે વિશે વર્ગશિક્ષકની ઉપસ્થિતિમાં મિત્રો સાથે ચર્ચા કરો.

### વિશેષ

નીચેના શબ્દો જોઈજોઈને ફરીથી લખો.

| | |
|---|---|
| ૧) પ્યારું – ........................ | ૨) શણગાર્યું – .................... |
| ૩) નિખાર્યું – ........................ | ૪) નર્મદા – .................... |
| ૫) પર્વત – ........................ | ૬) ગર્વ – .................... |
| ૭) શ્વાસ – ........................ | ૮) હરિયાળી – .................... |

### ઉપક્રમ

ગુજરાતના કોઈ પાંચ જોવાલાયક સ્થળોનાં ચિત્રો ભેગાં કરી પ્રોજેક્ટબુકમાં ચોંટાડો.



### હું વાંચું .... તમે પણ વાંચો

જ્યાં સાંજ સવારે ભગતિ ઈબાદતના નિત વાગે નગારાં,
ગુજરાત છે અમરત ધારા, ગુજરાતી સૌથી ન્યારા,
જેના સંત ફકીરો ભગત શૂરાને વંદન વારંવારા,
ગુજરાત છે અમરતધારા, ગુજરાતી સૌથી ન્યારા.
આ સાવજની ધરતી છે, જેના હૈયાં હિમ્મતવાળાં,
જ્યાં એકબીજાને ચાહે ઝંખે, કોઈ ન વીંખે માળા,
જ્યાં મહેમાનો માટે માથા દયેં દઉં એને ભલકારા ...
ગુજરાત છે અમરતધારા ...
આ ચંદ્રની ઉપર ભલે પહોંચતી, વિશ્વની કોઈપણ જાતિ,
પણ દુકાન કરશે, ચંદ્રની ઉપર, પહેલો આ ગુજરાતી,
અમે દિલથી જીવીએ, દિલથી મરીએ, દિલ દઈ દઈ પરબારા ...
ગુજરાત છે અમરતધારા ...
હવે ધરમ કોમના થાય ન ભડકા, બૂરી નજર ના લાગે,
હવે આખી દુનિયા ઊજળી કરવા, સૌ ગુજરાતી જાગે,
આ 'સાંઈરામ' માગે, નભમાં ચમકે ગુર્જરના સિતારા ...
ગુજરાત છે અમરતધારા ...

– શ્રી. સાંઈરામ દવે

**જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે.**

# ૧૭. સ્વર્ગની ચકલી

જાપાન દેશની આ વાત છે. ત્યાંના પર્વતની તળેટીમાં બાજુબાજુમાં બે ઝૂંપડીઓ હતી. એક ઝૂંપડીમાં એક વૃદ્ધ રહેતો હતો. તે ભલો, ભોળો, દયાળુ અને સીધો સાદો હતો. બીજી ઝૂંપડીમાં એક વૃદ્ધા રહેતી હતી. તે ઝઘડાખોર હતી.

વૃદ્ધ જીવજંતુઓ પર દયા કરી તેમને ખવડાવતો. જ્યારે વૃદ્ધાને દયા સાથે કોઈ સંબંધ ન હતો. રોજ સવારે એક ચકલી આવી મીઠું - મધુરું ગીત ગાઈને વૃદ્ધને જગાડતી. વૃદ્ધ ખુશ થઈ તેને ખવડાવતો. બંને એકમેક સાથે ખૂબજ હળીમળી ગયાં હતાં. વૃદ્ધા આળસુ હતી. તેને આવું કંઈ ગમતું નહિ. તે મોડે સુધી સૂઈ રહેતી. તેને ચકલીનું ગીત સાંભળવું ગમતું નહિ તેથી તેને ઉડાડી મૂકતી.

એક દિવસ ચકલીના ગીતથી વૃદ્ધાની ઊંઘ ઊડી ગઈ. તે બહાર આવી. ચકલીને ગાતી બંધ કરવા તેણે એક યુક્તિ કરી. બીજે દિવસે વહેલી સવારે વૃદ્ધાએ પાઉડરની ભૂકી ચારે તરફ છાંટી દીધી. દરરોજની માફક ચકલી ગીત ગણગણતી આવી. આવતાવેંત જ તે બેભાન બની ગઈ અને તેનો ગણગણાટ બંધ થઈ ગયો.

બીજા દિવસે ચકલીનું ગીત ન સંભળાવાથી વૃદ્ધ ઘરની બહાર નીકળ્યો, ઘણીવાર ચકલીની શોધ કરી પણ ચકલી ક્યાંય મળી નહી. તે નિરાશ અને દુ:ખી થઈ ગયો.

બીજે દિવસે વૃદ્ધ ફરવા નીકળ્યો, એક ઘટાદાર વૃક્ષની છાયામાં બેઠો. ત્યાં તેને ચકલીનો અવાજ સંભળાયો. તેણે ઉપર



જોયું તો ડાળી ઉપર બેઠેલી ચકલીએ કહ્યું કે, 'મારી સાથે કોઈએ દગો કર્યો છે. પરંતુ હું તો સ્વર્ગની ચકલી છું. મારું કોઈ કંઈ બગાડી શકવાનું નથી. હું તમારા ઉપર ખૂબ ખુશ છું.' ચકલીએ તે વૃદ્ધને સ્વાદિષ્ટ ભોજન કરાવ્યાં. પછી એક ઘંટ ભેટ આપી કહ્યું કે, 'ઘંટનું મોં ઘરે પહોંચીને પછી જ ખોલજો.'

ઘરે પહોંચીને વૃદ્ધે ઘંટનું મોં ખોલ્યું તો હીરા, ઝવેરાત, કિંમતી રત્ન અને માણેક નીકળ્યાં. તે રંકમાંથી રાજા બની ગયો. પોતાની ખુશી તેણે પેલી વૃદ્ધા પાસે વ્યક્ત કરી. તેને બધું બતાવીને કહ્યું કે, 'આ બધું સ્વર્ગની ચકલીએ આપ્યું છે.'

વૃદ્ધા તો દંગ જ બની ગઈ. તે પેલા ઝાડ નીચે ગઈ. ચકલીએ તેને જમાડી, એક ઘંટ આપી, ઘેર જઈને જ ખોલવા જણાવ્યું. વૃદ્ધા ઘંટ લઈને થોડે દૂર ગઈ તો ઘંટનો ભાર વધતો જ ગયો. થાકીને તે બેસી ગઈ. લાલચમાં તેણે ત્યાં જ ઘંટનું મોં ખોલી દીધું. તેમાંથી સાપ અને વીંછી નીકળ્યા. વૃદ્ધા તો ચીસાચીસ કરવા લાગી. સાપ અને વીંછીએ તે વૃદ્ધાને ત્યાં જ ઠંડી કરી દીધી.

## શબ્દાર્થ

વૃદ્ધા – ડોશી ; વૃદ્ધ – ડોસો ; યુક્તિ – ઉપાય ; નિરાશ – હતાશ ; રંક – ગરીબ ; લાલચ – લોભ

## શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- પશુ – પક્ષીઓનાં નામોની યાદી.
- પંખીઓની વિશિષ્ટતાઓની ચર્ચા.
- પ્રસ્તુત કૃતિ વિષયક પ્રશ્નોત્તર.
- 'ચકલી બચાવો અભિયાન' વિશે માહિતી.

## સ્વાધ્યાય



સ. ૧ કહો કોણ ?

૧) ભલો – ભોળો અને સીધો – સાદો – ..................................

૨) ઝઘડાખોર – ..................................

૩) મીઠું – મધુરું ગીત ગાઈ વૃદ્ધને જગાડનાર – ..................................

૪) પાઉડરથી ચકલીને બેભાન કરી દેનાર – ..................................

૫) વૃદ્ધાને ઠંડી કરી દેનાર – ..................................

સ. ૨ એક વાક્યમાં જવાબ લખો.

૧) આ વાત ક્યા દેશની છે ? જવાબ : ..........................

૨) ચકલીએ વૃદ્ધને કેવાં ભોજન જમાડ્યાં ? જવાબ : ..........................

૩) ચકલી વૃદ્ધને કેવી રીતે જગાડતી ? જવાબ : ..........................

૪) વૃદ્ધના ઘંટમાંથી શું શું નીકળ્યું ? જવાબ : ..........................

સ. ૩ ગીતનો ગણગણાટ તેમ નીચેનાનું શું ?

| | | | |
|---|---|---|---|
| ૧) માખીનો – | ........................ | ૨) સાપનો – | .................. |
| ૩) વાદળનો – | ........................ | ૪) વાસણનો – | .................. |
| ૫) પાંખનો – | ........................ | ૬) ઘોડાનો – | .................. |

સ. ૪ જીવજંતુ એ જોડશબ્દ છે.

આવા બીજા જોડશબ્દ તમને આવડતા હોય તે નીચે લખો.

| | |
|---|---|
| ૧) ................................ | ૨) ................................ |
| ૩) ................................ | ૪) ................................ |
| ૫) ................................ | ૬) ................................ |

સ. ૫ ચકલી સાથે કોણે દગો કર્યો છે ? દગાનું ફળ તેને શું મળ્યું ?

તમે કોઈની સાથે દગો કર્યો છે ખરો ? કોઈએ તમારી સાથે દગો કર્યો છે ?

'દગો કોઈનો સગો નથી' એ વિશે વર્ગમાં મુક્ત ચર્ચા કરો.

સ. ૬ નીચેના શબ્દો જોઈજોઈને ફરીથી લખો.

| | | | |
|---|---|---|---|
| ૧) સ્વર્ગ – | ...................... | ૨) ઝૂંપડી – | .................. |
| ૩) વૃદ્ધ – | ...................... | ૪) યુક્તિ – | .................. |
| ૫) નીકળ્યો – | ...................... | ૬) દુઃખી – | .................. |
| ૭) વૃક્ષ – | ...................... | ૮) સ્વાદિષ્ટ – | .................. |

**ઉપક્રમ**

'ચકલી બચાવો' અભિયાન વિશેની માહિતી ઇન્ટરનેટ ઉપરથી મેળવો.
આ અભિયાનમાં તમે કઈ રીતે તમારું યોગદાન આપશો ?




**હું વાંચું.... તમે પણ વાંચો**



એક હતો કાગ, તેણે જોઈ લાગ,
પૂરી લીધી તાણી, ડોશી પીતી પાણી.
ઊડી બેઠો ઝાડે, ચારે ગમ ભાળે,
ડાળ ઉપર હીંચે, શિયાળ આવે નીચે.
કાગ મુખ મીઠી, પૂરી એણે દીઠી,
બોલે કાગા રાણા, તમે ખૂબ શાણા.
ગાઓ એક ગાણું, કંઠ મીઠો જાણું,
કાગ ગયો ફુલાઈ, પૂરી ગઈ ભૂલાઈ.
ગીત ગાવા મીઠું, મોં પહોળું કીધું,
પૂરી ગઈ પડી, શિયાળ ગયું ગળી.



**જીવદયા અને ભૂતદયા એ જ સાચો માનવધર્મ.**




ઉપરનું  ચિત્ર જોઈ તમારાં મિત્રો કે ઘરનાં સદસ્યોને તેમાંની વાર્તા કહો.



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

गुजराती साहित्य परिचय इ.५ वी

₹ 25.00